વલસાડમાં વિકાસલક્ષી કામગીરી દરમિયાન તંત્રની ગંભીર બેદરકારી સામે આવી

હજારો લિટર પીવાના પાણીનો બગાડ

ખોદકામ વખતે પીવાના પાણીની મુખ્ય પાઈપલાઈનમાં ભંગાણ પડતા રસ્તા પર પાણીની નદી વહી

એક તરફ રસ્તાનું કામ ચાલતું હોવાથી માર્ગ બંધ બીજી તરફ પાણીના ભરાવાથી સ્થાનિકો અને રાહદારીઓ મુશ્કેલીમાં

વલસાડ : વલસાડ શહેરના ડી.એમ. ડી.જી. હાઈસ્કૂલ પાસે હાલમાં માર્ગ અને મકાન વિભાગ (R|B) દ્વારા આર.સી.સી. રોડ બનાવવાની કામગીરી ચાલી રહી છે. આ વિકાસલક્ષી કામગીરી દરમિયાન તંત્રની ગંભીર બેદરકારી સામે આવી છે, જેમાં ખોદકામ વખતે પીવાના પાણીની મુખ્ય પાઈપલાઈનમાં ભંગાણ પડતા હજારો લિટર પાણીનો વ્યય થયો છે. વલસાડ ડી.એમ. ડી.જી. હાઈસ્કૂલ પાસેના માર્ગ પર, આર.સી.સી. રોડના કામ દરમિયાન પાઈપલાઈન તૂટી જતા રસ્તા પર પાણીની નદીઓ વહી હતી. એક તરફ રસ્તાનું કામ ચાલતું હોવાથી માર્ગ બંધ છે, અને બીજી તરફ પાણીના ભરાવાને કારણે સ્થાનિકો અને રાહદારીઓની મુશ્કેલીમાં વધારો થયો છે.

તંત્રની ઉદાસીનતા સ્થાનિકોના જણાવ્યા અનુસાર, પાઈપલાઈનમાં ભંગાણ પડ્યાના કલાકો બાદ પણ માર્ગ મકાન વિભાગ કે વલસાડ નગરપાલિકાનો એક પણ અધિકારી કે કર્મચારી ઘટનાસ્થળે ફરક્યો નહોતો. પીવાના પાણીના વેડફાટ અને તંત્રની આવી બિનજવાબદાર નીતિને કારણે લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

નાળાની શરૂઆત પહેલા પાણી બચાવવાની વાતો

એક બાજુ ઉનાળાની શરૂઆત પહેલા પાણી બચાવવાની વાતો થાય છે, અને બીજી બાજુ તંત્રની બેદરકારીથી હજારો લિટર શુદ્ધ પાણી રસ્તા પર વહી રહ્યું છે. હાલમાં આ વિસ્તારમાં પાણીના નિકાલ અને રિપેરિંગની કામગીરી ક્યારે શરૂ થશે તે અંગે કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી

દબાણ દૂર કરી જમીનનો કબ્જો પાલિકાને સોંપવા નોટિસો ફટકારાઇ

બીલીમોરા પાલિકાની ૩૫૦૦ નોટિસથી ખળભળાટ મચ્યો

નગરપાલિકાએ ટાઉન પ્લાનિંગ યોજના-૧ અંતર્ગત નોટિસ ફટકારી

વિકાસની પ્રક્રિયા વચ્ચે અસરગ્રસ્ત પરિવારોમાં ચિંતા

બીલીમોરા : બીલીમોરા શહેરના સુવ્યવસ્થિત વિકાસ અને ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને બીલીમોરા નગરપાલિકાએ ટાઉન પ્લાનિંગ યોજના-૧ના અમલ માટે મોટું પગલું ભર્યું છે. યોજનાના અમલ અંતર્ગત શહેરના પૂર્વ અને પશ્ચિમ વિસ્તારોમાં કુલ ૩૫૦૦ જેટલા મિલકતધારકો અને કબ્જાદારોને દબાણ દૂર કરી જમીનનો કબ્જો નગરપાલિકાને સોંપવા નોટિસો ફટકારવામાં આવતા શહેરમાં ચકચાર મચી છે. આ કાર્યવાહીથી અસરગ્રસ્ત પરિવારોમાં ડર અને અનિશ્ચિતતાની લાગણી વ્યાપી ગઈ છે.

બીલીમોરા નગરપાલિકાની ટાઉન પ્લાનિંગ કમિટીએ નગર રચના યોજના અમલ માટે ઠરાવ કર્યો હતો, જેને બાદમાં સામાન્ય સભાની મંજૂરી પણ મળી હતી. આ યોજનાના અમલમાં અવરોધરૂપ બનતા બાંધકામો અને રહેણાંક મકાનો દૂર કરવા માટે નગરપાલિકાએ નોટિસ આપીને જણાવ્યુ છે કે ટીપી વિસ્તારમાં આવતી જમીનોમાં રસ્તા કપાત અને હદ સુધારણા કરવામાં આવશે. નોટિસમાં જમીનના માલિકો અને કબ્જાદારોને દિન-૭માં વાંધા રજૂ કરવાની તથા દિન-૧૦માં દબાણ દૂર કરવાની સૂચના આપવામાં આવી છે. આ કાર્યવાહીથી અસરગ્રસ્ત વિસ્તારોના લોકોમાં ભય અને અસમંજસની સ્થિતિ સર્જાઈ છે. ઘણા નાગરિકોનું કહેવું છે કે વર્ષ ૨૦૧૯-૨૦ દરમિયાન દૈનિક અખબારમાં પ્રસિદ્ધ થયેલી જાહેર નોટિસ અંગે તેઓ અજાણ હતા. પરિણામે અચાનક આવેલી નોટિસોથી ઘર ગુમાવવાની ભીતિ તેમને સતાવી રહી છે. બીજી તરફ, નગરપાલિકાના વર્તુળોમાંથી એવું કહેવામાં આવી રહ્યું છે કે ટાઉન પ્લાનિંગ યોજના શહેરના સર્વાંગી વિકાસ, પહોળા રસ્તાઓ, સુવિધાજનક ટ્રાફિક વ્યવસ્થા અને ભવિષ્યની આવશ્યકતાઓ માટે અનિવાર્ય છે.

શહેર આયોજનબદ્ધ અને આધુનિક બનશે

યોજના અમલમાં આવશે તો બીલીમોરા શહેર વધુ આયોજનબદ્ધ અને આધુનિક બનશે, જેનો લાભ અંતે નાગરિકોને જ મળશે. હાલ તો ટાઉન પ્લાનિંગ યોજના-૧ની નોટિસો શહેરભરમાં 'ટોક ઓફ ધ ટાઉન' બની છે. એક તરફ વિકાસની આશા છે તો બીજી તરફ રોજી-રોટી અને રહેઠાણ ગુમાવવાની ચિંતા. આવી સ્થિતિમાં નગરપાલિકા અને અસરગ્રસ્ત નાગરિકો વચ્ચે સંવાદ અને સંવેદનશીલ વલણ અપનાવવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે, જેથી વિકાસ અને માનવીય સંવેદના વચ્ચે સંતુલન જળવાઈ રહે.

આટલા વિસ્તારોનો સમાવેશ

આ યોજના અંતર્ગત શહેરના પૂર્વ વિસ્તારમાં ગૌહરબાગ સ્થિત સ્નેહલ હોસ્પિટલથી કોલેજના ગેટ સુધી, રાજભોગ સર્કલથી કોલેજ ગેટ, રાજભોગથી સોમનાથ રોડ દેસરા ફાટક સુધી તેમજ પશ્ચિમ વિસ્તારમાં ચીમોડીનાકાથી જીવનજ્યોત એપાર્ટમેન્ટ, મહાત્મા ગાંધી રોડથી અંબિકા નદી અને દેસરા રેલવે ફાટકથી સાંઈનાથનગર સોસાયટી સુધીના વિસ્તારોનો સમાવેશ થાય છે.

સંક્ષિપ્ત સમાચાર

SASITનાં આસિ. પ્રોફે. કૃપાલી ઉમરીયા પીએચ.ડી. થયાં

સુરતઃ શ્રી સ્વામી આત્માનંદ સરસ્વતી ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીના ઈલેક્ટ્રોનિક્સ ડિપાર્ટમેન્ટમાં આસિ. પ્રોફે. તરીકે કાર્યરત ડો. કૃપાલી નવીનચંદ્ર ઉમરીયાએ ઇલેક્ટ્રોનિક્સ એન્ડ કમ્યુનિકેશન વિષયમાં પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી છે. તેમણે 'Enhancing Spectral Efficiency through Hybrid Precoding and Adaptive Antenna Selection' વિષય પર SVNITના ઈલેક્ટ્રોનિક્સ એન્જિનિયરિંગ વિભાગના એસો. પ્રોફે. ડો. શ્વેતા શાહના માર્ગદર્શનમાં સંશોધનકાર્ય કર્યું હતું.

ડાંગની ચીચીનાગાવઠા પ્રાથમિક શાળામાં વાર્ષિક મહોત્સવ યોજાયો

સાપુતારા : ડાંગની ચીચીનાગાવઠા પ્રાથમિક શાળામાં વાર્ષિક મહોત્સવ તથા સન્માન સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમ અંતર્ગત ભૂતપૂર્વ શિક્ષકો તથા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું ભાવસભર સન્માન સાથે જ ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુ હતુ. કાર્યક્રમના અધ્યક્ષપદે ગ્રુપ સરપંચ સંકેતભાઈ બી.બંગાળ, મુખ્ય મહેમાન તરીકે ડાંગના ધારાસભ્ય વિજય પટેલ ઉપરાંત વઘઈ તાલુકા પ્રમુખ ચંદરભાઈ એમ. ગાવિત તથા સામાજિક ન્યાય સમિતિ અધ્યક્ષ દક્ષાબેન એસ.બંગાળની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. ઉપરાંત ડાંગ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ સુરેન્દ્રભાઈ કે. ગાવિત, વઘઈ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ સુરેશભાઈ વી. પટેલ તથા ડાંગ શૈક્ષિક મહાસંઘના અધ્યક્ષ હરેશભાઈ આર.ભોયે ઉપસ્થિત રહ્યા હતા. શાળાના આચાર્ય રજનીભાઈ કુંવરના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમનું સુચારુ આયોજન કરવામાં આવ્યું હતુ. કાર્યક્રમનું સંચાલન હેતલ પટેલ તથા હેમંત ભોયે દ્વારા કરવામાં આવ્યુ હતું. કાર્યક્રમના અંતે આચાર્ય રજની કુંવરે આભારવિધિ આટોપી સમગ્ર કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

વાંસદાની આશા વિરેન્દ્ર મજમુદાર ઇંગ્લિશ એકેડમીમાં ચિત્ર સ્પર્ધા યોજાઇ

વાંસદા : શ્રી વાંસદા તાલુકા કેળવણી મંડળ દ્વારા સંચાલિત આશા વિરેન્દ્ર મજમુદાર ઇંગ્લિશ એકેડમી શાળામાં ઓપન ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં વાંસદા સહિત તાલુકામાંથી ૨૦૦ થી વધુ બાળકોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં મુખ્ય મહિમાન તરીકે કિરણ પાડવી (P.I) અને પ્રફુલ ગાવિત (સી. આર.સી, કો ઓડિનેટર, વાંસદા) તથા વાંસદા તાલુકા કેળવણી મંડળના પ્રમુખ નટવરલાલ પંચાલ, શાળાના આચાર્ય મહેશ બઢે, શાળાના ટ્રસ્ટી કમલેશ કેવટ ઉપસ્થિત રહ્યા હતા. સ્પર્ધામાં વયજૂથમાં બાળકોને ત્રણ વિભાગમાં વિભાજિત કરવામાં આવ્યા હતા. સ્પર્ધાના અંતે ત્રણે વિભાગમાંથી પ્રથમ, દ્વિતીય અને તૃતિય એમ ત્રણ વિજેતા ક્રમ આપ્યા હતા. જેમાં ગ્રુપ એ માં પ્રથમ અનામિકા મુન્નાભાઈ પાસવાન (કન્યા શાળા વાંસદા), ગ્રુપ બી માં પ્રથમ નિયતિ સુરેશભાઈ પટેલ (શ્રી પ્રતાપ હાઇસ્કુલ, વાંસદા), ગ્રુપ સી માં પ્રથમ ક્રમે પટેલ ક્રિષા શૈલેષભાઈ (શ્રી પ્રતાપ હાઇસ્કુલ વાંસદા) વિજેતા થયા હતા. વિજેતા સ્પર્ધકોમાં પ્રથમને 1551 રૂપિયા, દ્વિતીયને 1051 રૂપિયા અને તૃતિયને 751 રૂપિયાનું રોકડ પોત્સહિત ઇનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

બાલદા ગ્રા.પં. ના નવા મકાનનું ખાતમુહૂર્ત

પારડી : પારડીના બાલદા ગ્રામ પંચાયત કચેરીની બાજુમાં નાણામંત્રી કનુભાઈ દેસાઈની ગ્રાન્ટમાંથી નવી ગ્રામ પંચાયત કચેરીના મકાનના નિર્માણ માટે ખાતમુહૂર્ત વિધિ કરવામાં આવી હતી. કાર્યક્રમમાં સરપંચ રાહુલ પટેલ, તલાટી મંત્રી માર્ગીબેન, ડેપ્યુટી સરપંચ, સભ્યો અને ગ્રામજનોની ઉપસ્થિતિમાં તાલુકા ભાજપ પ્રમુખ પુનિત પટેલ અને જિલ્લા પંચાયત સભ્ય મુકેશ પટેલના હસ્તે પંચાયત મકાનના નિર્માણ માટે ખાતમુહૂર્ત ભૂદેવોના મંત્રોચ્ચાર સાથે કરવામાં આવ્યું હતું. નાણામંત્રીની ગ્રાન્ટમાંથી રૂપિયા 81.18 લાખ મંજુર કરી આપવામાં આવતા નવું આધુનિક ગ્રામ પંચાયતનું મકાન નિર્માણ કરવામાં આવશે. આ અંગે સરપંચ રાહુલ પટેલે જણાવ્યું હતું કે 10 માસમાં આ મકાન તૈયાર થયા બાદ ગ્રામજનોની સેવા માટે ખુલ્લું મુકવામાં આવશે.

ટાંકી વિવાદ, ગુણવત્તા ઓકે છે તો માર્ગ કેમ ખુલ્લો મુકાતો નથી

ટાંકી દેવાયેલી ટાંકીના તૂટેલા ભાગને દૂર કરવાની કામગીરી યથાવત

વલસાડ : વલસાડના કલ્યાણ બાગમાં બની રહેલી પાણીની ટાંકીની ગુણવત્તા સામે પ્રશ્નાર્થ ઊભો થયા બાદ એક રાજકીય પક્ષ દ્વારા ભારે વિરોધ બાદ ટાંકી ગુણવત્તાનું પરીક્ષણ એન.ડી.ટી.કરવાની માંગ બાદ કરાયેલા પરીક્ષણ પણ વિવાદોમાં આવ્યું હોય તેમ એક જ દીવાલ પર અલગ અલગ રેન્ડિંગ આવતા મામલો ફરી ગૂંચવાયો છે. જોકે એજન્સી અને તંત્ર ટાંકીની ગુણવત્તા મુદ્દે સબ સલામત હોવાનું જણાવી રહી છે. શુક્રવારે પણ તૂટેલા બાકી ભાગને પણ દૂર કરવાની કામગીરી ચાલુ રહી હતી. ત્યારે હવે તંત્ર નવા પ્રશ્નો મુદ્દે આગળ શું કાર્યવાહી કરે છે તે જરૂરી બન્યું છે.

વલસાડમાં માર્ગ નજીક નિર્માણ થઈ રહેલી ટાંકી વિવાદની ગુણવત્તા મુદ્દે ઊભા થયેલા વિવાદ આજે જિલ્લાભરમાં સોશિયલ મીડિયા ઉપર પણ ચર્ચામાં છે. તો બીજી તરફ તંત્ર ખુલાસો કરી સબ સલામત જણાવી રહી છે, તો અત્યંત મહત્વનો માર્ગ કેમ ખૂલ્લો મુક્તી નથી તેવો પ્રશ્ન વાહન ચાલકો ઉઠાવી રહ્યો છે, એ જ રીતે ટાંકીના વિવાદ ગ્રસ્ત ભાગને હાલે ઢાંકી દેવાયો છે, જે પણ ચર્ચામાં છે.

કપરાડા તાલુકામાં 10 કરોડથી વધુના ખર્ચે ચેકડેમો બનશે

પાણી સંગ્રહ થવાથી અનેક ગામોના કૂવો, બોરવેલ રિચાર્જ સાથે ખેતરોને લાભ મળશે : ધારાસભ્ય જીતુ ચૌધરી

વલસાડ : કપરાડામાં પાણીની સમસ્યાને કાયમી ધોરણે દૂર કરી દેનારી જળ સંચય યોજના અંતર્ગત આશરે રૂપિયા 10 કરોડથી વધુના ખર્ચે નિર્માણ થનારા અને 10 સ્થળોએ મોટા ચેકડેમોનું ખાતમુર્હૂત ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીએ કર્યું હતું. તેમણે જણાવ્યુ કે યોજનાથી ખેતીને ફાયદો નહીં પરંતુ ગ્રામ્ય જીવન સુખાકારી બનશે. દમણગંગા નદી તેમજ કોતરોમાં આ ચેકડેમોના કામો હાથ ધરાયા છે. જેમાં આસલોણા બિલિયા ફળીયા, આસલોણા મોહપાડા ફળીયા, કુકુનિયા ગાંગોડપાડા ફળીયા, પીપપોટી કુજુનીયા ફળીયા અને દાબખલ રસ્તા ફળીયાનો સમાવેશ થાય છે. આ પ્રસંગે સ્થાનિક રાજકીય હોદ્દેદારો ઉપરાત કાર્યપાલક ઇજનેર સન્મુખ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. શનિવારે આશરે 5 કરોડથી વધુના કિંમતે નિર્માણ થનારા કપરાડા વિધાનસભા મત વિસ્તાર હેઠળના પંચાયત માર્ગ અને મકાન વિભાગ મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત ધારાસભ્ય જીતુ ચૌધરીના હસ્તે વિવિધ રસ્તાઓના ખાતમુહૂર્ત, લોકાર્પણ કાર્યક્રમ કરાશે. માર્ગો નિર્માણ થકી વિકાસની ગતિ તેજ બનશે.

ઉમરગામથી દેહરી સુધીના દરિયાકાંઠાના વિસ્તારમાં સઘન પેટ્રોલિંગ

ઉમરગામ : દરિયાઈ સુરક્ષાને ધ્યાનમાં લઇ ઉમરગામ મરીન ટાસ્ક ફોર્સ દ્વારા ઉમરગામથી દેહરીના દરિયા કિનારા વિસ્તારમાં સઘન પેટ્રોલિંગ અને ચેકિંગ હાથ ધરવામાં આવ્યુ હતુ. ગુજરાત રાજ્યમાં દરિયાઈ સુરક્ષાની અતિ મહત્વપૂર્ણ કામગીરી સંભાળતા અધિક પોલીસ મહાનિર્દેશક અમિતકુમાર વિશ્વકર્મા તથા પોલીસ મહાનિરીક્ષક દરિયાઈ સુરક્ષા ગાંધીનગર પી એલ માલ તથા મરીન સેક્ટર કમાન્ડર અને પોલીસ અધિક્ષક હજીરા સુરત એસ.જે પરમારના માર્ગદર્શન હેઠળ ઉમરગામ મરીન સેક્ટર લીડર નાયબ પોલીસ અધિક્ષક એએમ કુગસિયા તથા મરીન ટીમ લીડર પીએસઆઇ કે સી પટેલ અને મરીન કમાન્ડર સાથે ઉમરગામ તાલુકાના ઉમરગામથી દેહરી ગામ સુધીના દરિયાકાંઠા વિસ્તારમાં સઘન પેટ્રોલિંગ કરી મરીન કમાન્ડોની અલગ અલગ ટીમો દ્વારા શંકાસ્પદ બોટ શંકાસ્પદ ઈસમો સહિત અવાવરૂપ જગ્યાઓનું સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યુ હતુ.

વિદ્યાર્થિની સાથે અડપલા કરનાર સંચાલક સામે ફરિયાદ

ધરમપુરની છાત્રાલયના સંચાલકે વિદ્યાર્થિનીને વિવિધ બહાનાં હેઠળ નજીક બોલાવી અડપલા કરતો હતો

ધરમપુર : ધરમપુરની છાત્રાલયમાં અભ્યાસ કરતી 13 વર્ષીય વિદ્યાર્થિની સાથે છાત્રાલયના સંચાલકે અડપલાં કર્યાની ગંભીર અને ચિંતાજનક ઘટના સામે આવી છે. આ મામલે સગીરાના પરિવાર દ્વારા ધરમપુર પોલીસ મથકે સત્તાવાર ફરિયાદ નોંધાવવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, ધરમપુર શહેર સ્થિત છાત્રાલયમાં વિદ્યાર્થીઓ રહીને અભ્યાસ કરતા હતાં. અહીં ધોરણ-8માં અભ્યાસ કરતી 13 વર્ષીય વિદ્યાર્થિનીને છાત્રાલયના સંચાલક સુનિલ જાધવ દ્વારા વિવિધ બહાનાં હેઠળ પોતાની નજીક બોલાવી અયોગ્ય વર્તન અને અડપલાં કરતો હતો. ઘટનાથી માનસિક રીતે વ્યથિત બનેલી સગીરાએ હિંમત દાખવી સમગ્ર બનાવ અંગે પોતાના માતા-પિતાને જાણ કરી હતી. ત્યારબાદ પરિવારજનો દ્વારા સ્થાનિક આગેવાનોના માર્ગદર્શન હેઠળ તાત્કાલિક ધરમપુર પોલીસનો સંપર્ક કરી આક્ષેપ સાથે ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

સ્થાનિક આગેવાનોની હાજરીમાં ધરમપુર પોલીસ મથકે સુનિલ જાધવ વિરુદ્ધ ગંભીર ગુનાની નોંધ કરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. હાલ પોલીસ દ્વારા સમગ્ર ઘટનાની વિગતવાર તપાસ હાથ ધરવામાં આવી છે.

આ ઘટનાએ છાત્રાલયોમાં રહેતા બાળકોની સુરક્ષા, દેખરેખ અને વ્યવસ્થાઓ અંગે ગંભીર પ્રશ્નો ઊભા કર્યા છે. ઘટનાને લઈને વાલીઓ તથા સ્થાનિક નાગરિકોમાં ભારે ચિંતા અને રોષની લાગણી જોવા મળી રહી છે અને દોષિત સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠી રહી છે.

નવસારીમાં હીરાના કારખાનાની ચોરી કરનાર ઝડપાયો

નવસારી : નવસારી ટાઉન પોલીસ સ્ટેશન દ્વારા ચોરીના વણશોધાયેલા ગુનાનો ભેદ ઉકેલી આરોપીને ઝડપી લેવામાં આવ્યો છે. ખાનગી બાતમીદાર તથા ટેકનિકલ એનાલિસિસના આધારે પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસ તપાસમાં નવસારી, શાંતાદેવી માનવ કલ્યાણ સોસાયટી વિસ્તારમાં કડવા પાટીદાર વાડીની સામે આવેલા "ઘોલાવાલા ડાયમંડ" નામના હીરાના કારખાનામાંથી થયેલી ચોરીના કેસમાં આરોપી પાસેથી અલગ-અલગ કંપનીના ચાર મોબાઈલ ફોન તથા ચોરીમાં ઉપયોગમાં લેવાયેલી એક એક્ટિવા મોપેડ (નં. GJ-21-DE-3438) કબજે કરવામાં આવ્યા છે. પકડાયેલા આરોપી મોહિત ઉર્ફે સોનુ, ચુનાલાલ ઠાકુર (વિજલપોર) સામે ગુનો નોંધવામાં આવ્યો છે. આરોપી સામે અગાઉથી પણ પ્રોહીબિશન એક્ટ અને જુગારધારા હેઠળ ગુનાઓ નોંધાયેલા હોવાનું બહાર આવ્યું છે. પોલીસ દ્વારા કરવામાં આવેલી આ કાર્યવાહી નોંધપાત્ર ગણાય છે.

બજેટ ગુજરાતને ફાર્મા-સેમિકન્ડક્ટર હબ તરીકે વૈશ્વિક ઓળખ અપાવશે

વાપી વીઆઈએ કોન્ફરન્સ હોલમાં જિલ્લા ભાજપના ઉપક્રમે નાણાં મંત્રીએ પત્રકાર પરિષદમાં કેન્દ્રીય બજેટના ફાયદા દર્શાવ્યા

વાપી : વાપી વીઆઈએ કોન્ફરન્સ હોલમાં નાણાં તેમજ શહેરી વિકાસ મંત્રી કનુભાઈ દેસાઈએ પત્રકારોને કેન્દ્રીય બજેટના ફાયદાઓ અંગે વિશેષ વાત કરી હતી. તેમણે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વની કેન્દ્ર સરકારનું વિકસિત ભારતના સંકલ્પ સાથેનું નાણાં મંત્રી નિર્મળા સિતારમણ દ્વારા બજેટ રજૂ કરાયું તેના વિશે વિસ્તૃત વાત કરી હતી. નાણાં મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, ગુજરાત આજે સમગ્ર ભારતનું ફાર્મા હબ બની ગયું છે. દેશના ફાર્માસ્યુટિકલ ઉદ્યોગમાં ગુજરાત 40% થી વધુ હિસ્સો ધરાવે છે. કેન્દ્ર સરકાર દ્વારા આ વર્ષે બાયો-ફાર્મા સેક્ટર માટે 10,000 કરોડની જાહેરાત કરવામાં આવી છે, જેનો સીધો લાભ ગુજરાતના ઉદ્યોગોને મળશેસાથે જ, સેમિકન્ડક્ટર ક્ષેત્રે પણ ગુજરાત અગ્રેસર છે. વિશ્વવિખ્યાત કંપની માઈક્રોન (Micron) સાણંદ ખાતે અને ટાટા (Tata) ધોલેરા ખાતે પોતાના પ્લાન્ટ સ્થાપી રહી છે. આ ઉપરાંત અન્ય બે મોટી સેમિકન્ડક્ટર કંપનીઓ પણ રાજ્યમાં આવી રહી છે, જે ગુજરાતને વૈશ્વિક ટેકનોલોજી મેપ પર મજબૂત સ્થાન અપાવશે. રાજ્ય માં સૌથી વધુ સંખ્યામાં નોંધાયેલા MSME એકમો છે. આ લઘુ અને મધ્યમ ઉદ્યોગોને સપોર્ટ કરવા માટે 5,000 કરોડના પેકેજની જોગવાઈ ક રવામાં આવી છે, જે ઉદ્યોગોને ઈક્વિટી અને બેંક ક્રેડિટ ગેરંટી મેળવવામાં ખૂબ જ સહાયરૂપ થશે.ગુજરાતમાં પર્યટનને પ્રોત્સાહન આપવા માટે 'પ્રોફેશનલ ગાઈડ્સ' તૈયાર કરવા પર ભાર મૂકવામાં આવશે. ખાસ કરીને સ્થાનિક યુવાનોને તાલીમ આપીને આ ક્ષેત્રમાં રોજગારીની તકો પૂરી પાડવાનું આયોજન છે. 'કોમનવેલ્થ ગેમ્સ' માટેની તૈયારીઓ પણ રાજ્યમાં પૂરજોશમાં ચાલી રહી છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝન મુજબ, 2030 સુધીમાં 100 GW રિન્યુએબલ એનર્જીનું લક્ષ્ય છે, જેમાંથી ગુજરાત અત્યાર સુધીમાં લગભગ 70 GW સુધી પહોંચી ગયું છે. આ સિદ્ધિ ક્લાઈમેટ ચેન્જ સામેની લડાઈમાં ગુજરાતના મહત્ત્વના યોગદાનને દર્શાવે છે. આગામી ૧૮મી તારીખે ગુજરાતનું બજેટ રજૂ થવાનું છે. આ બજેટ 'સૌનો સાથ, સૌનો વિકાસ' ના મંત્ર સાથે 2047 ના વિકસિત ભારતના સંકલ્પને પૂર્ણ કરવામાં ગુજરાતને મોખરે રાખશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.

વીઆઈએ કોન્ફરન્સ હોલમાં પત્રકાર પરિષદ સમયે જિલ્લા ભાજપ પ્રમુખ હેમંતભાઈ કંસારા, પ્રદેશ ભાજપના ઉપાધ્યક્ષ તેમજ ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ,મહામંત્રીઓ કમલેશભાઈ પટેલ, ગણેશભાઈ બિરારી, નિખિલભાઇ ચોકસી, વલસાડ જિલ્લા ઉપ્રમુખ તેમજ કાર્યક્રમના ઈન્ચાર્જ શ્રી સતિષભાઈ પટેલ, વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલ સહિત ભાજપના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.